# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૨૧/૦૯/૨૦૧૭

તંત્રીશ્રી,

...............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)

મીડિયા કન્વીનર, સુરત

આગામી વિધાનસભા–૨૦૧૭ની ચૂંટણીમાં સુરત શહેરની ૧૨ વિધાનસભાની યોગ્ય ઉમેદવારની પસંદગી માટે ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના સંગઠન તરફથી પ્રદેશ પ્રવક્તા શ્રી ભરતભાઈ પંડયા, ગુજરાત સરકારના મંત્રી માન. શ્રી રોહિતભાઈ પટેલ, પ્રદેશ મહિલા આગેવાન શ્રીમતી મમતાબેન કાળે નિરીક્ષક તરીકે હાજર રહ્યા હતા.

આજના પ્રથમ દિવસે લિંબાયત, ઉધના અને કરંજ વિધાનસભામાં ટીકીટ મળે તે હેતુથી ઈચ્છુક ઉમેદવારો "પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના, સુરત ખાતે હાજર રહ્યા હતા.

લિંબાયત વિધાનસભા ક્ષેત્ર માટે ૧૭ અને ઉધના વિધાનસભા ક્ષેત્ર માટે ૬૫ ઉમેદવારોએ દાવેદારી કરી હતી. નિરીક્ષક ટીમ ધ્વારા તમામ ઉમેદવારોને સાંભળ્યા હતા.

આ સાથે મનગમતા, સમાજ ઉપયોગી અને કર્મઠ કાર્યકર્તાની પસંદગી થાય તે અનુસંધાને અનેક સામાજીક સંસ્થાઓ, ટ્રસ્ટો, મંડલો, સોસાયટીના પ્રમુખો ધ્વારા પણ નિરીક્ષકશ્રીઓ સમક્ષ ભલામણ પત્ર રજુ કર્યા હતા અને પોતાની માંગણીને ધ્યાનમાં લેવા માટે રજુઆત કરી હતી. જેથી નિરીક્ષક ટીમ ધ્વારા આપના વિસ્તારમાં સારા, તટસ્થ અને સક્ષમ તમામ ઉમેદવારની યાદી સાથે ઉમેદવારની પસંદગી માટે આપની રજુઆત અને ભલામણને પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડને સુપ્રત કરવામાં આવશે.